**XS-105**

# 004-004105

**M.Ed. (Full Time) (Sem.-I) Examination**
**January-2015**
**Educational Measurement & Evaluation**
**(New Course, Group A : Paper 1)**

**Faculty Code : 004**
**Subject Code : 004105**

**Time : 2½ Hours]** **[Total Marks : 70**

**સૂચના :** (1) વિભાગ-I MCQ ના ઉત્તરો ફક્ત ઉત્તરવહીમાં આપો.

**Instructions :** Give answers of Section - I in MCQ Answer Sheet only.

(2) બધા પ્રશ્નોના ગુણ સરખા છે.

**All** questions carry equal marks.

## વિભાગ – I / SECTION – I

**(M.C.Q.)** **20**

**સૂચના :** નીચે આપેલા પ્રત્યેક પ્રશ્નમાં જવાબરૂપે આપેલ ચાર વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરી તેમને અલગથી આપેલા ઉત્તરપત્રમાં પ્રત્યેક પ્રશ્નની સામે આપેલા વર્તુળમાં સાચો જવાબ દર્શાવતા વર્તુળને ઘટ્ટ (ગાઢું) કરો.

1. કયું વિધાન સાચું છે ?

(1) મૂલ્યાંકન એ વિદ્યાર્થી-વર્તણૂકનું સંખ્યાત્મક પરિણામ છે.

(2) માપન એ મૂલ્યાંકનને અનુસરે છે.

(3) મૂલ્યાંકન એ વિદ્યાર્થી-વર્તણૂકનું ગુણાત્મક પરિણામ છે.

(4) મૂલ્યાંકન એ માપનને અનુસરે છે.

(a) 1 અને 2 (b) 3 અને 4

(c) 1 અને 3 (d) 1 અને 4

Which statement is correct ?

(1) Evaluation is a quantitative result of pupil behavior.

(2) Measurement follows the Evaluation.

(3) Evaluation is a qualitative result of pupil behavior.

(4) Evaluation follows the measurement.

(a) 1 and 2 (b) 3 and 4

(c) 1 and 3 (d) 1 and 4

2. પ્રમાણિત કસોટીનું આધારભૂત લક્ષણ _______ છે.

(a) પ્રમાણભૂતતા (b) વિશ્વસનીયતા

(c) વ્યવહારુતા (d) ઉપયોગીતા

The standard characteristic of standardized test is

(a) Validity (b) Reliability

(c) Usability (d) Applicability

3. પચાસ વિદ્યાર્થીઓમાંથી 20 વિદ્યાર્થીઓ એક અનાત્મલક્ષી પ્રશ્નનો સાચો ઉત્તર આપે છે. આ પ્રશ્નનું સરળતા મૂલ્ય શું હશે ?

(a) 20 (b) 25

(c) 40 (d) 50

Out of 50 students twenty students gave correct answer of an objective type question. What will be the facility value of this question ?

(a) 20 (b) 25

(c) 40 (d) 50

4. નિબંધ પ્રકારના પ્રશ્નનું કલમ પૃથક્કરણનું સૂત્ર કોણે દર્શાવ્યું છે ?

(a) કુડર રિચાર્ડસન (b) એડવીન હાર્પર

(c) સ્ટેર્ન (d) બેન્જામિન બ્લૂમ

Who suggested the formula for item-analysis of essay type questions ?

(a) Kuder Richardson (b) Edwin Harper

(c) Stern (d) Benzamin Bloom

5. પ્રમાણભૂતતાને કારણે શિક્ષક _______

(a) કસોટીના વિષયવસ્તુનો વ્યાપ જાણે છે. (b) જૂથના બે વિદ્યાર્થીઓને સરખાવી શકે.

(c) કસોટીની હેતુ એકરૂપતા જાણે છે. (d) ઉચિત અધ્યાપન પદ્ધતિ જાણે છે.

From validity the teacher can

(a) know the scope of content of test

(b) compare two students of a group

(c) know congruency of objective of test

(d) know appropriate teaching method

6. પ્રમાણિત સિદ્ધિ કસોટી : ત્રિપરિમાણ સારણી : : ________ : દ્વિપરિમાણ સારણી

(a) અભિયોગ્યતા કસોટી (b) વ્યક્તિત્વ કસોટી

(c) રસ સંશોધનિકા (d) નિદાન કસોટી

Standardize Achievement Test : Three Dimension Table :: ________ : Two Dimension Table

(a) Aptitude Test (b) Personality Test

(c) Interest Inventory (d) Diagnostic Test

7. ભાવાત્મક ક્ષેત્રના હેતુઓના વર્ગીકરણમાં કયો હેતુ સમાવિષ્ટ છે ?

(a) મૂલ્ય આંકવું (b) પ્રતિચાર આપવો

(c) વર્ણન કરવું (d) પ્રભુત્વ મેળવવું

Which objective falls in the classification of the objectives of affective domain ?

(a) Valuing (b) Responding

(c) Describing (d) Mastering

8. વિદ્યાર્થીની વર્તણૂકના પ્રમાણભૂત માપન માટે કયો માપન સિદ્ધાંત ઉચિત સૂચવાયો છે ?

(a) પરંપરાગત (b) પ્રશિષ્ટ

(c) કલમ-પ્રતિચાર (d) હેતુ આધારિત

Which measurement theory is suggested appropriate for valid measurement of pupils' behaviour ?

(a) Traditional (b) Classical

(c) Item-response (d) Objective-based

9. શાળા પ્રવેશ માટે કયા પ્રકારની કસોટી યોગ્ય છે ?

(a) વિદ્યાકીય અભિયોગ્યતા કસોટી (b) ગાણિતિક અભિયોગ્યતા કસોટી

(c) રસ સંશોધનિકા (d) ભાષાકીય અભિયોગ્યતા કસોટી

Which type of test is appropriate for the use of school admission ?

(a) Scholastic Aptitude Test (b) Mathematical Aptitude Test

(c) Interest Inventory (d) Language Aptitude Test

10. શિક્ષક રચિત આદર્શ કસોટીનું લક્ષણ કયું છે ?

(a) પાઠયક્રમને સંબંધિત વિષયવસ્તુ (b) ચોક્કસ પરિણામની આગાહી

(c) વિશ્વસનીય અને પ્રમાણભૂત કસોટી (d) કસોટીની સામાજિક સ્વીકૃતિ

What is the characteristic of a good teacher-made test ?

(a) Content related to syllabus (b) Correct Result prediction

(c) Reliable and Valid Test (d) Social acceptance of the test

11. હેતુ આલેખનની નીચેના પૈકી કઈ રજૂઆત સાચી છે ?

(a) હૃદય અને તેના કાર્યો (b) હૃદયના કાર્યો સમજાવવા

(c) વિદ્યાર્થીઓ હૃદય રોગથી કાળજી લે (d) વિદ્યાર્થીઓ હૃદયની આકૃતિ દોરે

Which one of the following is a correct presentation of the objective ?

(a) Heart and its functions (b) To explain the functions of Heart

(c) Students take care for Heart disease (d) Students draw the figure of Heart

12. ટેબલની લંબાઈ માપવી તે ________ છે.

(a) પ્રત્યક્ષ માપન (b) પરોક્ષ માપન

(c) સાપેક્ષ માપન (d) અમૂર્ત માપન

Measuring the length of a table is —

(a) Direct Measurement (b) Indirect measurement

(c) Relative Measurement (d) Abstract Measurement

13. મનોશારીરિક ક્ષેત્રના હેતુઓનું વર્ગીકરણ કોણે દર્શાવ્યું છે ?

(a) ડૉ. કે.જી. દેસાઈ (b) ડૉ. એમ.બી. બુચ

(c) ડૉ. બી.કે. પાસી (d) ડૉ. રવિન્દ્ર દવે

Who identified the classification of objectives of Psycho-Motor Domain ?

(a) Dr. K. G. Desai (b) Dr. M. B. Buch

(c) Dr. B. K. Passi (d) Dr. Ravindra Dave

14. સંકલ્પના પરીક્ષણ ટેકનોલોજીને અંતર્ગત કલમ સર્જનની કઈ પ્રયુક્તિ યોગ્ય છે ?

(a) કલમરૂપનું સર્જન (b) આવરક વાક્ય પાર્શ્વ યોજના

(c) એકમનું વિષયવસ્તુ પૃથક્કરણ (d) તાર્કિક ગણ સર્જક

Which technique for item generation is appropriate for Concept Measurement Technology ?

(a) Preparation of item-Form (b) Mapping Sentence Method

(c) Content Analysis of text (d) Rational Set Generator

15. અધ્યયન અનુભવો આપ્યા બાદ અધ્યેતાનું વર્તન પરિવર્તન _______ દ્વારા રજૂ કરવામાં આવે છે.

(a) પ્રત્યક્ષ માપન (b) શૈક્ષણિક મૂલ્યાંકન

(c) વ્યાખ્યાયિત હેતુ (d) પ્રમાણિત કસોટી

The _______ tells what the learner's behaviour change as a result of some learning experiences.

(a) Direct Measurement (b) Educational Evaluation

(c) Defined Objective (d) Standardized Test

16. કસોટી અમલીકરણમાં સરળતા એ ________ નું લક્ષણ છે.

(a) વિશ્વસનીયતા (b) પ્રમાણભૂતતા

(c) ઉપયોગીતા (d) વ્યવહારૂતા

Ease of test administration is the characteristic of ______ .

(a) Reliability (b) Validity

(c) Applicability (d) Usability

17. કસોટીની વિશ્વસનીયતા શોધવા માટે સામાન્ય રીતે કઈ અંકશાસ્ત્રીય પ્રયુક્તિ વપરાય છે ?

(a) F-કસોટી (b) સહસંબંધાંક-r

(c) t-કસોટી (d) $SE_m$

Which statistical technique is generally used in finding the Reliability of the test ?

(a) F-test (b) Co-relation–r

(c) t–test (d) $SE_m$

18. કયું માપન કસોટીની વિશ્વસનીયતા દર્શાવે છે ?

(a) 1 થી વધુ (b) 1 થી ઓછું

(c) પૂર્ણ શૂન્ય (d) કોઈપણ સંખ્યા

Which measurement represents Reliability of the test ?

(a) Greater than 1 (b) Less than 1

(c) Absolute zero (d) any number

19. જો શિક્ષક વિદ્યાર્થીઓની કચાશ ઉકેલવા ચાહતો હોય તો તેણે કસોટી પરિણામ બાદ કઈ પ્રયુક્તિનો ઉપયોગ કરવો જોઈએ ?

(a) પ્રત્યેક એકમનું ગ્રેડિંગ (b) વર્ગ પરિણામમાં શતાંશસ્થનો અમલ

(c) નિદાન પછી પુનરાવર્તન (d) શૈક્ષણિક માપન

If a teacher wants to solve the weakness of the students. What will be the technique he has to use on test result ?

(a) Grading in each unit (b) Use of percentile on class result

(c) Revision after diagnosis (d) Educational measurement

20. રોઈડ અને હેલેડાયનાએ મૂલક-સંદર્ભ કસોટીની કલમના સર્જન માટે કઈ પ્રયુક્તિ સૂચવી છે ?

(a) બહુ વિકલ્પ વરણી પ્રશ્ન (b) સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન

(c) એડવાન્સ ઓર્ગેનાઈઝર મોડલ (d) આવરક વાક્ય પાર્શ્વ યોજના

Which one is a technology for item generation for Criterion-reference Test suggested by Roid and Heledayna ?

(a) Multiple Choice Question (b) Concept Attainment Model

(c) Advance Organization Model (d) The Mapping Sentence Method

## વિભાગ – II / SECTION - II

**(વર્ણનાત્મક)**

**સૂચના :** (1) વિભાગ-2ના પ્રશ્નોના ઉત્તર અલગ ઉત્તરવહીમાં લખો.

**Instructions :** Give answers of the questions of section - II in separate answer book only.

(2) તમારા ઉત્તરો મુદ્દાસર લખો.

Write your answers precisely.

(3) અપ્રસ્તુત લખાણ માટે ગુણ કાપવામાં આવશે.

Marks will be deducted for irrelevant writing.

1. નીચેનામાંથી કોઈ **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **500** શબ્દોમાં લખો : **12**

Answer any **one** of the following in about **500** words :

(1) માધ્યમિક શાળાના એક વર્ગ માટે સર્વાંગીણ શૈક્ષણિક મૂલ્યાંકનનું આયોજન તૈયાર કરો.

Prepare a plan for Comprehensive Educational Evaluation for a class of Secondary school.

(2) મૂલક-સંદર્ભ કસોટી રચનાના સોપાનો સમજાવો.

Explain the steps for the construction of a Criterion Reference Test.

2. નીચેના પૈકી કોઈપણ **બે** પ્રશ્નોના આશરે **250** શબ્દોમાં ઉત્તર આપો: **12**

Answer any **two** of the following in about **250** words :

(1) જ્ઞાનાત્મક ક્ષેત્રના હેતુઓનું વર્ગીકરણ સમજાવો.

Explain the classification of the objectives of Cognitive Domain.

(2) વિશ્વસનીયતા શું છે ? અર્ધ-વિચ્છેદન પદ્ધતિએ વિશ્વસનીયતા શોધવાની પદ્ધતિ, તેની મર્યાદા અને તેના ઉકેલ સાથે સ્પષ્ટ કરો.

What is Reliability ? Clarify the method of Split-Half Reliability with its limitation and its solution.

(3) નિદાન કસોટીની સંરચના સમજાવો.

Explain the construction of a Diagnostic test.

3. નીચેના પૈકી કોઈપણ **ત્રણ** પ્રશ્નોના આશરે **150** શબ્દોમાં ઉત્તર આપો : **12**

Answer any **three** of the following in about **150** words :

(1) હેતુ આલેખન કોઈ એક ઉદાહરણથી દર્શાવો અને તેના લક્ષણો સ્પષ્ટ કરો.

State an illustration of 'Stating the Objective' and clarify the criteria of same.

(2) સમજાવો : રચનાત્મક મૂલ્યાંકન અને સંકલનાત્મક મૂલ્યાંકન.

Explain: Summative Evaluation and Formative Evaluation.

(3) મનોશારીરિક ક્ષેત્રના હેતુઓનું વર્ગીકરણ સમજાવો.

Explain the classification of objectives of Psycho-Motor Domain.

(4) એક સંશોધક સિદ્ધિ કસોટીની સંરચના અને પ્રમાણીકરણનું કાર્ય કરી રહ્યો છે તેણે શા માટે કસોટી માર્ગદર્શિકા તૈયાર કરવી જોઈએ ?

A researcher is constructing and standardizing an Achievement Test. Why he/she has to prepare the test manual ?

4. નીચેના **દરેક** પ્રશ્નનો ઉત્તર આપો : **14**

Answer the following questions in brief :

(1) પ્રમાણભૂતતા પદનો અર્થ લખો, અને શા માટે તે કસોટીનું મુખ્ય ગુણલક્ષણ છે ?

Write the meaning of the term Validity and why it is the main criterion for a test ?

(2) 'મૂલ્યાંકનનું મુખ્ય કાર્ય અધ્યયન-અધ્યાપનની સુધારણા છે.' – સમજાવો.

'The main function of evaluation is the improvement of teaching-learning process' – Explain.

(3) ડૉ. એન્ડરસને આપેલા વર્ગીકરણ પ્રમાણે જ્ઞાનાત્મક ક્ષેત્રના હેતુઓની યાદી આપો.

List the objectives of Cognitive Domain according to the classification of Dr. Anderson.

(4) માનાંક-સંદર્ભ કસોટીમાં સરળતા મૂલ્ય અને તારવણી મૂલ્ય શોધવાના સૂત્ર લખો. તેના પદો સ્પષ્ટ કરો.

State the formulas for calculating Difficulty Value and Discriminative value of the test item of a Norm Reference Test. Clarify the terms.

(5) ગદ્યાર્થ અર્થગ્રહણ માપન માટેની કસોટી કલમો તૈયાર કરવાની ટેકનોલોજીના સોપાનો લખો.

Write the steps for the technology of test item writing for the measurement of comprehension of a prose.

(6) જ્ઞાનાત્મક ક્ષેત્ર અને ભાવાત્મક ક્ષેત્રના હેતુઓ વચ્ચેનો સંબંધ/ભેદ સ્પષ્ટ કરો.

Clarify the relation/difference between the objectives of cognitive Domain and Affective Domain.

(7) માનાંક-સંદર્ભ માપનનાં સંદર્ભમાં પ્રશિષ્ટ કસોટી સિદ્ધાંતની મર્યાદા શી છે ?

What are the limitations of Classical Test Theory with reference to Norma-Reference Testing ?